ક્રમાંક/એમવીપી/વિકલાંગ/મો.ડ્રા.ટ્રે.સ્કુલ/
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬,
બીજે માળ, ગુજરાત રાજય,
ગાંધીનગર.
તારીખ. -૧૦-૨૦૧૫. 19 OCT 2015

પ્રતિ,
શ્રી હરીશકુમાર,
ફાઉન્ડર એન્ડ મેનેજીંગ ટ્રીસ્ટી,
એબીલીટી ઓન વ્હીલ્સ ચેરીટેબલ ટ્રસ્ટ,
૩૩૪, સોબો સેન્ટર, ગાલા જીમખાના રોડ,
સાઉથ બોપલ, અમવાદ-૩૮૦૦૫૮.

વિષય:-વિકલાંગ વ્યક્તિશ્રીઓ માટે મોટર ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કુલ ખોલવાની દરખાસ્ત બાબત.
સંદર્ભ:-આપશ્રીની પત્ર તા.૧૧-૯-૨૦૧૫ નો પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના સંદર્ભે સાદર જણાવવાનું કે, સ્પેશ્યલી એબલ્ડ વ્યકિતઓ માટે મોટર ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કુલ ખોલવા માટે કોઇ બાન નથી. મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-૨૪ મુજબ મોટર વાહન સ્કુલ ધરાવનાર જુદા જુદા વર્ગના ટુ વ્હીલ્સ, થ્રી વ્હીલ્સ, ફોર વ્હીલ્સ, તથા અન્ય વાહનો હંકારવાની તાલીમ આપી શકે છે. જેમાં ઈનવેલીડકેરેજ પ્રકારના વાહનોનો પણ સમાવેશ થાય છે. આવી સંસ્થા ખોલવા માટે આપવાના થતા લાયસન્સમાં (ફોર્મ નં.૧૧) માં જ 'ઇનવેલીડ કેરેજ' નો ઉલ્લેખ છે. તે જ દર્શાવે છે કે, આવી સ્કુલ સ્થાપી શકાય છે. ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કુલનું લાયસન્સ આપવાની સત્તા અરજદારના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતા આરટીઓશ્રીને છે. જેથી સુરત ખાતે મોટર ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કુલ ખોલવા માટે આરટીઓ સુરત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી
ગુજરાત રાજય ગાંધીનગર.

**નકલ રવાના :- તમામ આરટીઓ/એઆરટીઓ**

સ્પેશ્યલી એબલ્ડ વ્યકિત(વિકલાંગ વ્યકિતશ્રી) માટે ડ્રાઈવીંગ ટ્રેનીંગ સ્કુલ ખોલવા માટે અરજી આવે તો, નિયમોનુસાર કાર્યવાહી કરી તેને મંજુરી આપી શકાય છે. જે જાણ સારુ.

:પુરબીયા:ગુપ્તા:ટપ: